ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૬-૨૦૧૩, શુક્રવાર

તંત્રી સ્થાનેથી.....

ભારતીય જનજીવનના રોમાંચક સંદેશાવ્યવહારનો યુગ સમાપ્ત : અલવિદા ટેલિગ્રામ!

'ટ્હૌકો' દેતો ઘર ઘર બધે જાય જીવો ટપાલી...' જેવી ગાંધી-યુગના પ્રતિનિધિ કવિ સ્નેહરશ્મિની કવિતા આટલાં વર્ષો પછી પણ વાંચીએ તો નખશિખ ઝણઝણાટી જાગ્યા વિના રહેતી નથી. તાર-ટેલિફોનની શોધ પૂર્વે પત્રો જ સંદેશાવ્યવહારનું માધ્યમ હતા. વાહનો નહોતાં ત્યારે સંદેશા વ્યવહારની પ્રારંભિક પદ્ધતિઓમાં કબૂતર જેવા પક્ષીઓ મારફત પત્રો પહોંચાડવામાં આવતાં તે પણ આજની પેઢીને તો રોમાંચક ઘટના જ લાગે. પરંતુ આદિકાળથી મનુષ્ય એની વાત બીજા મનુષ્ય સુધી પહોંચાડવાના અવનવા નુસખા અજમાવતો રહ્યો છે કારણ કે મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. એનાં સુખ દુઃખ અને હરખ-શોક વહેંચવામાં એને અપાર સંતૃપ્તિનો અને સંતુષ્ટિનો અનુભવ થતો હોય છે. આ સંદેશાવ્યવહારમાં ક્યારેક ભીની લાગણીઓનો સંભાર હોય છે તો ક્યારેક નરી વેપારવૃત્તિ. વહીવટી બાબતોનાં સમાચારની આપલે માટે પણ એની હાલતાં ને ચાલતાં જરૂર ઊભી થતી હોય છે. ભારત જેવા વિશાળ ભૂખંડમાં ક્યારેક ખાસ માણસ મોકલીને સંદેશા કહેવડાવવા પડતા. મહાભારતમાં વારંવાર દૂર મોકલાવીને પાંડવો શ્રીકૃષ્ણને તેડાવતા હોવાની વાત આવે છે. એ જ રીતે સીતાનું હરણ કરી ગયેલા લંકાપતિ રાવણની પાસે ભગવાન રામચંદ્રનો સંદેશ લઈ અંગદ મળવા જાય છે. આજે ઇન્ટરનેટ અને સ્માર્ટ ફોનના યુગમાં આપણા એ પ્રતાપી પૂર્વજોથી લઈ 'મેઘદૂત' મારફત પ્રિયાને સંદેશો પાઠવતા યક્ષની કે પુત્રને કાગળ લખાવતી આંધતી માતાની કેવી મનોદશા હશે એનો વિચાર પણ ધ્રુજાવી મૂકે. એ વખતે હલકારો ટપાલના થેલા ઊંચકીને પગપાળા ગામેગામ ટપાલ વહેંચતો હતો. 'પોસ્ટ ઓફિસ' જેવી હૃદયદ્રાવક વાર્તામાં અલી ડોસો એની લાડકી મરિયમના પત્રની રાહ જોતો ટપાલ કચેરીના ધક્કા ખાતો હોય છે તેનું વર્ણન વાંચી આપણી સંવેદના રણઝણી ઉઠે છે. પત્ર એ બે હૃદયોને જોડનારો સેતુ ગણાતો. પરંતુ પત્ર કરતાં પણ ખૂબ જ ઝડપથી સંદેશો પહોંચાડવાનું જે માધ્યમ શોધાયું તે હતું ટેલિગ્રામ. આ તાર એ માનવજાત ઉપર વિજ્ઞાનનું અકલ્પનીય વરદાન હતું. તાર અત્યંત જરૂરી અને તાકીદના સમાચાર પહોંચાડવા માટે જ કરાતો. એથી સવિશેષ ગ્રામ વિસ્તારોમાં જ્યારે બસૂરી વેળાએ ટપાલી ઉતાવળાં પગલે આવતો લાગે ત્યારે મહોલ્લામાં વખત પૂરતો સોપો જ પડી જતો. જરૂર કશીક અઘટિત બીના બની હોવી જોઈએ એવી ધાસ્તી સાથે ધડકતા હૈયે તાર સ્વીકારનાર સહી કરીને એ લઈ લેતો, પરંતુ તાર ખોલીને વાંચતા જ કાં તો કોઈ સ્વજનના મૃત્યુ કે એ મરણપથારીએ પડ્યું હોવાના અમંગળ સમાચાર જણાતા. જો કે તાર ટપાલ ખાતાએ તાર સંદેશને આવા અપશુકનિયાળ લેબલથી મુક્ત કરવા વિવિધ પ્રકારની તાર સંદેશા સેવા શરૂ કરી હતી. તાર કેવળ માઠા સમાચાર પહોંચાડવાનો જ નહીં એ શુભેચ્છાનો સંદેશો પણ હોઇ શકે તાર જન્મદિવસની શુભેચ્છાઓ પણ હોઇ શકે; એમાં પુત્રજન્મની વધામણી પણ હોય અથવા પરીક્ષામાં સફળતાના સમાચાર પણ હોય. તાર એ ઝડપી સંદેશા વ્યવહારની વિશ્વવ્યાપી પ્રણાલી હતી. યુદ્ધ અને શાંતિ - બેઉ સમયગાળાઓમાં તાર - સંદેશસેવા મનુષ્ય જીવનની એક અનિવાર્ય જરૂરીયાત અને સુવિધા બની રહી હતી. પરંતુ એકસો અઠ્ઠાવન વર્ષ જૂની આ સેવાનાં અંજળવીશી હવે પૂરાં થયાં છે. આવતી કાલથી (૧૫થી જુલાઈથી) આ સેવા સમાપ્ત કરવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો છે. અંગ્રેજોને એમની વહીવટી અનુકૂળતા માટે હિંદુસ્તાનમાં શરૂ કરેલી આ શીઘ્ર-સંદેશાવ્યવહાર પદ્ધતિ હવે જૂની થઈ ગઈ છે. ઇન્ટરનેટ અને સ્માર્ટફોનના યુગમાં હવે એનું કોઇ વજૂદ રહ્યું નથી અને દર વર્ષે ભારત સંચાર નિગમ લી. (બીએસએનએલ) ૪૦૦ કરોડ જેવી જંગી ખોટ કરતું હોઈ આ સેવાનું અચ્યુતમ્ કેશવમ્ કરવાનો નિર્ણય લેવાઈ ચૂક્યો છે. તાર સંદેશા સેવાનાં એકમો અઠ્ઠાવન વર્ષ એ ભારતનાં ઇતિહાસનો પણ અત્યંત મહત્ત્વપૂર્ણ કાલખંડ છે. અલવિદા ટેલિગ્રામ! સાયોનારા...

શહેરના ટોપર્સને ડૉકટર બનવાની ખેવના અવકાશી પદાર્થોનું અવલોકન કરવાનો મનસુબો

સફળ પરિણામ માટે રમતવૃત્તિ-ગોખણપટ્ટી છોડો : પોઝીટીવ વિચારો, રીવીઝન અને એકાગ્ર ચિત્તે અભ્યાસ કરવા મેસેજ

ગાંધીનગર, તા.૧૩

ધો-૧૦માં શહેરના ટોપર્સ તરીકે સ્થાન પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓ ડોકટર, એન્જિનિયર બનવાની ખેવના સાથે અવકાશી પદાર્થોનું અવલોકન કરવાનો મનસુબો ધરાવે છે. રમતવૃત્તિ છોડી અને ગોખણપટ્ટીથી દૂર રહી આયોજનબધ્ધ અભ્યાસ કરવાથી ધારેલું પરિણામ મેળવી શકાય છે તેવો મેસેજ આપતા ટોપર્સ સફળ પરિણામનો યશ પણ તેમના માતા પિતા અને શિક્ષકોના શીરે ધરે છે.

સે-૨૩ સ્થિત ગુરુકુળ શાળામાં અભ્યાસ કરતા નીલ ભાવસારે ૬૦૦માંથી ૫૬૩ ગુણ મેળવી ૯૫ ટકા સાથે મોખરાનું સ્થાન મેળવ્યું છે. તેણે ગણિતમાં ૯૯ વિજ્ઞાનમાં ૯૮ ગુણ પ્રાપ્ત કર્યા છે. નીલને આગળ એરોનોટીકમાં અભ્યાસ કરી અવકાશી પદાર્થોનું અવલોકન કરવામાં ખૂબ જ રસ છે. નીલના પિતા હરેશભાઈ સે-૨૮ સ્થિત આર્યુવેદિક હોસ્પિટલમાં ડોકટર છે જ્યારે માતા દીપ્તીબેન નવગુજરાત કોલેજમાં પ્રોફેસર છે. નીલ પોતાના ટયુશન શિક્ષક કિશોરસરને પોતાના આદર્શ માને છે. તે કહે છે સરનો વિદ્યાર્થીઓ સાથેનો લગાવ અને મહેનત પ્રેરણાદાયી છે. માઉન્ટ કાર્મેલના વિદ્યાર્થી આયુષ પી. વ્યાસાએ ૫૫૭ ગુણ સાથે ૯૪ ટકા મેળવ્યા છે. આયુષને આગળ એ ગ્રુપમાં અભ્યાસ કરી આઈ.એ.એસ. બનવું છે. આયુષ સરદાર વલ્લભભાઈ પટેલને આદર્શ માને છે. જ્યારે તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા સિરિયલ જોવાનું તે કદી ચુકતો નથી તેના પિતા પુરુષોત્તમભાઈ એલ.આઈ.સી.માં નોકરી કરે છે જ્યારે માતા કુસુમબેન હાઉસવાઈફ છે.

સેંટ ઝેવિયર્સની વિદ્યાર્થીની દીક્ષા ભાવસારે ૫૫૪ ગુણ સાથે ૯૨.૩૩ ટકા મેળવી ટોપ ટેનમાં સ્થાન મેળવ્યું છે. દીક્ષા ડોકટર બનવાની ખેવના ધરાવે છે. તેણીના પિતા વીરેનભાઈ બિઝનેસમેન છે. જ્યારે માતા અર્પણાબેન સરકારી નોકરી કરે છે. ડે સ્કુલમા જવા ન ઈચ્છતી દીક્ષાને ડ્રોઈંગનો શોખ છે. ૬૦૦માંથી ૫૫૧ ગુણ પ્રાપ્ત કરનાર શિવાનીએ પણ બાળરોગ નિષ્ણાંત તરીકે સમાજને સેવા પુરી પાડવી છે. તેણીને ઈતિહાસના વિષયો વાંચવા ખૂબ જ ગમે છે. સે-૨૩ સ્થિત કડી કેમ્પસની આર.જી. પટેલ સ્કુલમાં અભ્યાસ કરતી ઝંકૃતિ મહેતાને પણ ડોકટર બનવું છે. દામ અને નામ મેળવવા ડોકટર બનવાની ધગશ છે. પોઝીટીવ વિચારો સાથે તણાવમુકત વાંચનથી સારું પરિણામ મળતું હોવાનો મેસેજ તેણીએ વિદ્યાર્થીઓને આપ્યો છે. તેણીના પિતા ભરતભાઈ એન્જિનિયર છે જયારે માતા દીપ્તીબેન પ્રોફેસર છે. ઝંકૃતિને જનરલ નોલેજના પુસ્તકો વાંચવા ગમે છે. તેણે ૫૫૦ ગુણ મેળવી ૯૨ ટકા સાથે ટોપર્સમાં સ્થાન મેળવ્યું છે. ક્રીના રાઠોડે ૫૪૬ ગુણ મેળવી એકચિત્તે વાંચન કરવા સલાહ આપી છે. ક્રીનાને પિતા રાજેશભાઈની જેમ એન્જિનિયર બનવું છે. તેણી પોતાની માતા ઉર્વશીબેનને રોલમોડલ માને છે. અભ્યાસ સિવાય તેને ડાન્સીંગ અને વાંચનનો ખૂબ શોખ છે. શુભમ ત્રિવેદીએ ૬૦૦માંથી ૫૪૨ ગુણ મેળવી ૯૦ ટકા ગુણ પ્રાપ્ત કર્યા છે. શુભમને મિકેનિકલ એન્જિનિયર બનવું છે. તેના પિતા હરેશભાઈ શ્રમ અને રોજગાર વિભાગમાં ફરજ બજાવે છે. જયારે માતા અરૂણાબેન સે-૧૭ના સરકારી દવાખાનામાં નર્સ છે. સે-૨૩ શેઠ સી.એમ. હાઈસ્કૂલના જય પટેલે ૫૪૨ ગુણ સાથે ૯૦ ટકા પ્રાપ્ત કર્યા છે. જયને ઓટોમોબાઈલ એન્જિનિયર બનવું છે. જય પોતાની સફળતાનો યશ તેમના ટયુશન શિક્ષક કીશોરભાઈને આપે છે. ટયુશનની સાથે રીવીઝન કરવું પણ અનિવાર્ય હોવાનું જણાવતા જયને ક્રીકેટ રમવાનો શોખ છે. તેના પિતા રાજેન્દ્રભાઈ પાર્લર ચલાવે છે. માતા વિમળાબેન હાઉસવાઈફ છે. કાર્મેલ સ્કુલમાં અભ્યાસ કરતા વિરાજ શાહે પણ ૫૪૨ ગુણ મેળવી ટોપર્સમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિરાજ આગળ અભ્યાસ કરી ડોકટર બનવાની ખેવના ધરાવે છે. તેના દાદા જયંતિભાઈ જ તેના માટે પ્રેરણાદાયી છે. રૂપાલના વતની વિરાજ પોતાના સફળ પરિણામ બદલ દાદા જયંતિભાઈને યશ આપે છે.

સચિવાલયમાં જઇને પૂછી આવો લોખંડના કીલોએ કેટલા આપશે ?? તો જ માળીએ ચડીને ઉતારી દઉં...!

શિવરંજની નવ પલ્લવિત દશાબ્દિ વર્ષે ગઝલ મહેફિલ જમાવશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં છેલ્લા દશ વર્ષથી સૂર શબ્દની ઉપાસના કરતી શિવરંજની સંસ્થાને નગરજનોએ હૃદયના સ્નેહથી વધાવી છે ત્યારે સંસ્થા દ્વારા ગઝલ મહેફિલનો કાર્યક્રમ ૧૫મી જૂને શ્યામલ-સૌમિલ મુનશીના સ્વરકંઠે સહૃદયી સૂરસંવેદનજનો માટે યોજાશે.

વર્ષ ૧૯૭૨માં સ્થપાયેલી પરંતુ વખતોવખત તડકી-છાંયડી જોયા બાદ વર્ષ ૨૦૦૩માં નવ પલ્લવિત થયેલ શિવરંજનીને આવતા વર્ષે દસકો પૂરો થશે. સમય વહેવા સાથે ભાવકોની અપેક્ષા, કલાકારોની અપેક્ષા અને આર્થિક દબાણો વચ્ચે પણ આ સંસ્થાએ ગુણવત્તા તેમજ સંસ્કારિતા જાળવી રાખી સુરીલી યાત્રાની સુંદર સફર કરી છે. ગુજરાતી સુગમ સંગીતના લગભગ તમામ કલાકારો ઉપરાંત રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મુંબઈના કલાકારોને પણ દર્શકો માણી શકયા છે. પ્રસિદ્ધ કલાકાર નયન પંચોલીના માર્ગદર્શન હેઠળ સુગમ સંગીતના પ્રશિક્ષણનો સુરીલો આરંભ કરીને સંસ્થાએ ગાંધીનગરના યુવાનોની ખોટ પૂરી કરી છે.

નવપલ્લવિત શિવરંજની દશાબ્દી વર્ષ નિમિત્તે એક સ્મરણિકા પણ બહાર પાડવાનું વિચાર્યું છે. નિયમિત રીતે યોજાતા પાંચ કાર્યક્રમો ઉપરાંત ત્રિદિવસીય મહોત્સવ યોજી કુલ આઠ કાર્યક્રમો વધારાની ફી વગર યોજવાનું વિચારી રહી છે એમ પ્રમુખ વાગ્મિન બૂચે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લો સંપૂર્ણ સાક્ષર બને નિરક્ષરતા અને કુપોષણને દેશવટો આપીએ

જિલ્લાના લિહોડા, વર્ધાના મુવાડા અને નાંદોલ ગામોમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિથી શિક્ષણની જ્યોત વધુ તેજ બની : પ્રથમ દિવસે જિલ્લાની ૨૦૦ શાળાઓમાં ત્રણ હજારથી વધુ બાળકોએ પ્રવેશ મેળવ્યો : કન્યા કેળવણી માટે ૨૫ લાખનું દાન મેળવાયું

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગર જિલ્લો સંપૂર્ણ સાક્ષર બને, નિરક્ષરતા અને કુપોષણને દેશવટો

આપી સામાજિક ચેતનાની જ્યોત જલાવે તેનુ આહ્વાન કર્યુ હતું.

તેમણે જણાવ્યું હતું કે સાક્ષરતાના નામે અગાઉની સરકારોએ કરોડોનો ખર્ચ કર્યો છે પણ સફળ થયા નહિ. અને એ ખર્ચ ક્યાં ચાઉ થઈ ગયો તેનો જવાબ હજુ જડતો નથી. આનાથી પણ ઓછા ખર્ચમાં આજે પ્રવેશોત્સવને લોકોત્સવ બનાવી સંપૂર્ણ સાક્ષર સમાજરચના માટે સરકાર આગળ વધી રહી છે. તેમણે જણાવ્યુ હતુ કે શિક્ષિત કન્યા સમાજનું કુટુંબનું અને કુળનું આભૂષણ બનશે.

મુખ્યમંત્રી મોદીએ જણાવ્યું હતું કે સમાજશક્તિ થકી ગુજરાતમાંથી નિરક્ષરતા અને કુપોષણને દેશવટો આપીશુ. તેમણે જણાવ્યું હતું કે બાળકોનો વિકાસ-આત્મવિશ્વાસ શિક્ષણથી વધ્યો છે તેમાં કોઈ બેમત નથી.

ગાંધીનગર જિલ્લાની ૨૦૦પ્રા. શાળામાં આજે ૩ હજારથી વધુ છાત્રોએ પ્રવેશ મેળવ્યો હતો અને પ્રથમ જ દિવસે રૂ. ૨૫ લાખનું દાન કન્યા કેળવણી માટે મળ્યું છે. આંગણવાડીમાં બે હજાર બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજથી સમગ્ર ગુજરાતમાં ૧૧માં કન્યા કેળવણી-શાળા પ્રવેશ મહોત્સવના ત્રણ દિવસના ગ્રામીણ વિસ્તારના અભિયાનનું નેતૃત્વ કરતા ગુજરાતમાંથી નિરક્ષરતા અને કુપોષણને દેશવટોદેવાનો નિર્ધાર વ્યક્ત કર્યોહતો.

શિક્ષણ અને સંસ્કારના આ સામાજિક યજ્ઞનું નેતૃત્વ જાગૃત સમાજ લેશે તો ગુજરાતની આવતીકાલ તો શિક્ષિત બનશે જ પણ સમગ્ર દેશને ગરીબી, બિમારી અને નિરક્ષરતામાંથી મુક્તિ મેળવવા પથદર્શક બનશે એમ નરેન્દ્રભાઈ મોદીએ આજે પ્રથમ દિવસે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ત્રણ ગામોમાં પ્રાથમિક શિક્ષણની જ્યોત વધુ તેજસ્વી પ્રગટાવતા જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી આજે સવારે મોટરમાર્ગે દહેગામ તાલુકાના લિહોડા ગામની ૧૦૬ વર્ષ જૂની પ્રાથમિક શાળામાં જઈને શાળા પ્રવેશોત્સવના આનંદ-ઉમંગમાં ઉમટેલા ગ્રામજનો સાથે સહભાગી બન્યા હતા. શાળા નામાંકન, વિવિધ યોગ-નિદર્શન, કન્યાઓનો ધોરણ-૮માં પ્રવેશવિધિ, શાળાના બાળકોને જનભાગીદારીથી શૈક્ષણિક સાધનોનું વિતરણ અને આંગણવાડી-નંદઘરમાં પ્રવેશ મેળવતા ભૂલકાંઓને પોષક મિઠાઈઓનું વિતરણ તેમણે કર્યું હતું.

શાળામાં અભ્યાસ કરીને કારકિર્દીમાં યશસ્વી બનનારા જૂના વિદ્યાર્થીઓ અને ગામના નિવૃત્ત શિક્ષકોનું સન્માન તેમણે કહ્યું હતું. વર્ધાના મુવાડા અને નાંદોલ ગામોમાં પ્રાથમિક શિક્ષણના આ સમાજ યજ્ઞમાં પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિથી ગ્રામ સમાજની ઉમંગ-ઉત્સાહ હિલ્લોળે ચડ્યો હતો.

મોટર માર્ગે શિક્ષણનો તપસ્યા યજ્ઞપ્રગટાવવા નીકળેલા શ્રી નરેન્દ્રભાઈ મોદીનું માર્ગમાં આવતા ગામોની જનતાએ પણ અભૂતપૂર્વ ઉમળકાથી અભિવાદન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ શાળા પ્રવેશોત્સવના આજના પ્રારંભે શાળામાં નામાંકન થનાર બાળકો-કન્યાઓ તથા આંગણવાડી ભુલકાંઓનેકિટ્સ, દફતર તેમજ કન્યા કેળવણી નિધિના પુરસ્કાર બોન્ડનું વિતરણ કર્યું હતું.

ત્રણેય ગામોમાં મુખ્યમંત્રીશ્રીએ શાળાના વરિષ્ઠ પૂર્વવિદ્યાર્થી તથા ગામના વરિષ્ઠ અગ્રણીનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે દાતાઓ દ્વારા પુસ્તક-રમકડાં અને ભગવાનના ભાગરૂપે દૂધ તેમજ સગર્ભા માતાઓ માટે સુખડી ભેટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર ધારાસભ્યશ્રી અશોક પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના ચેરમેનશ્રી અશોક ભાવસાર, ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખશ્રી નેલેષ શાહ, દહેગામના પૂર્વ ધારાસભ્યશ્રી, કલ્યાણસિંહ ચૌહાણ, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવશ્રી ભાગ્યેશ જહા પ્રવેશોત્સુક બાળકોના વાલી-પરિવાર, જિલ્લા કલેક્ટરશ્રી બી.જે. ભટ્ટ, ગામના સરપંચશ્રીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હાતા.

કટાર લેખક હરેશ ભટ્ટનો પ્રથમ વાર્તા સંગ્રહ 'સંવેદના - વાત સૌની' નું સુપ્રસિદ્ધ સાહિત્યકાર, કવિ લેખક ડૉ. ચિનુ મોદીના હસ્તે વિમોચન થયું

સંવેદના - માનવીના જીવનનું અભિન્ન અંગ છે, જયાં જીવ છે ત્યાં હૃદય છે અને દરેકના જીવનમાં હૃદયના દરેક ધબકાર સાથે લાગણી વણાયેલી છે, દુઃખ, સુખ, આઘાત, પ્રત્યાઘાત, ગમો અણગમો, પ્રેમ, ધિક્કાર, તિરસ્કાર દરેક જીવમાં હોય જ છે, માત્ર માનવી જ નહિ, પશુ, પંખી, જીવ જંતુ દરેકમાં જન્મની સાથે જ હોય પણ વેદના સંવેદના હોય જ, વ્યક્તિ જન્મે ત્યારે જીભ હોય પણ બોલતા શીખે જે ભાષા હોય તે પરંતુ હૃદયના ધબકારની કોઈ ભાષા ના હોય વેદના સંવેદનાની કોઈ ભાષા ના હોય એ અનુભવાય વિશ્વ સ્તરે દરેક જીવમાં એક જ રીતે પરંતુ એની અભિવ્યક્તિની ભાષા અલગ હોય...

બાળપણથી શબ્દો સાથે જ રમનારા હરેશ ભટ્ટને દરેક ઘટના જોવાનો, જાણવાનો અને પોતાની રીતે મુલવવાનો શોખ, નાની અમથી વાતને પણ શબ્દ દેહ આપી લોકો સમક્ષ રજુ કરે, એમની આ વાતને પ્રોત્સાહન આપ્યું જામનગરના સુપ્રસિદ્ધ દૈનિક 'નોબત' પરિવારે, એમની સામાહિક પૂર્તિ સંગતમાં કોલમ પ્રારંભ કરી 'સંવેદના' જેને વાચકોએ પણ વધાવી, લોકો ફોન કરી કહેવા લાગ્યા કે આ તો અમારી જ વાત લખી છે,

સંવેદના - વાત સૌની પુસ્તકનું વિમોચન આજે ગુજરાત સાહિત્ય પરિષદ ખાતે હરેશ ભટ્ટના ગુરૂ ડૉ. ચિનુ મોદીના વરદહસ્તે કરવામાં આવ્યું આ પ્રસંગે નોબત દૈનિકના તંત્રી પ્રદીપ માધવાણી, ચેતન માધવાણી ઉપસ્થિત રહ્યા હતા.

જૈન સોશ્યલ ગૃપ દ્વારા 'યે શામ મસ્તાની' કાર્યક્રમ ૧૬મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના જૈન સોશ્યલ ગૃપ દ્વારા ૧૬મી જૂન ૨૦૧૩ને રવિવારે 'યે શામ મસ્તાની' ફિલ્મ ગીતોનો કાર્યક્રમ સાંજે ૬ થી ૧૨.૩૦ કલાક દરમિયાન ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાશે.

રંગભૂમિના જાણીતા ગુજરાતી ગીતો અને જૂના હિન્દી ફિલ્મી ગીતોનો રંગારંગ કાર્યક્રમ 'યે શામ મસ્તાની'માં દિમી દેસાઈ, દિવ્યાંગ અંજારીયા, મિહિર જાની, નયન શર્માના મધુર કંઠે યોજાશે. જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગરના ૩૨માં સ્થાપના દિન નિમિત્તે પ્રીતિ ભોજન, ગૃપના સભ્યોની ડિરેકટરીનુ વિમોચન પણ આ પ્રસંગે યોજાશે.

ગૃપના સ્થાપના દિન નિમિત્તે ગૃપ તરફથી ગત રવિવારે ગરીબોને ઠંડી છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું એમ મંત્રી શોધન ગાંધીએ જણાવ્યું હતું. એમણે એ પણ કહ્યું હતું કે, ગૃપના સભ્ય અને તત્કાલીન પૂર્વ પ્રમુખ અરવિંદ શાહની પીઆરઓ તરીકે ગુજરાત રીજીયનમાં વરણી થઈ છે તથા ગૃપના સભ્ય વીણાબેન વોરા પોતાની રસોઈ વાનગી 'રસોઈ શાં' ઈ-ટીવી કાર્યક્રમમાં ૧૬મી જૂને રજૂ કરશે તેમજ હીમાંશુભાઈ બૂચ અને આરતીબેન બૂચ પરિવારે માણેકપુર મુકામે ગીરનારની પ્રતિકૃતિ સમા આકાર પામી રહેલા તીર્થસ્થાનમાં સહસાવનમાં તીર્થંકર પ્રભુ શ્રી નેમીનાથ ભગવાનની પ્રતિમા ભરાવવાનો તથા પ્રતિષ્ઠા કરવાનો લાભ લીધો હતો. આ દરેક સભ્યને ગૃપ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

અંધશાળાનું એસ.એસ.સી.નું ૧૦૦ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના સેકટર-૧૬માં આવેલી અંધશાળાના વિદ્યાર્થીઓ ચાલુ વર્ષે માર્ચ મહિનાની લેવાયેલી એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ૧૦૦ ટકા પરિણામ લાવ્યા છે.

શાળાની ચંદ્રિકા ભરતભાઈ ત્રિવેદી ૬૧ ટકા સાથે પ્રથમ અને ઈંગલે અમોલ સુભાષ ૫૭ ટકા સાથે દ્વિતીય આવ્યા છે. શાળાના વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

આદર્શ નિવાસી વિ.જા. કુમાર શાળાનું બોર્ડનું ૯૭.૧૪ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરની આદર્શ નિવાસી વિ.જા.કુમાર શાળાનું માર્ચ-૨૦૧૩માં લેવાયેલી એસ.એસ.સી. પરીક્ષાનું ૯૭.૧૪ ટકા પરિણામ આવ્યું છે.

શાળાના મેહુલ બાલયાએ ૮૦.૬૬ ટકા સાથે પ્રથમ નંબર, જગદીશ બાવલીયાએ ૭૭.૩૩ ટકા સાથે દ્વિતીય અને મેમારીયા ઠાકરશીએ ૭૨.૬૬ ટકા સાથે શાળામાં તૃતીય નંબર હાંસલ કર્યો છે. શાળાના સામાજિક વિજ્ઞાન અને ગુજરાતી શિક્ષક બી.જી. રબારી, સંસ્કૃત, અંગ્રેજી વિષય શિક્ષક એચ.એન. કાપડીયા, સાયન્સ શિક્ષક પી.આર. ખાંટના વિષયનું ૧૦૦ ટકા પરિણામ તથા ગણિત વિષયના શિક્ષક એન.સી. ઠાકોરનું ૯૭.૧૪ ટકા પરિણામ આવ્યું છે. શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓને આચાર્ય બી.ડી. બારીયાએ અભિનંદન પાઠવ્યા છે.

સંખ્યાબંધ વિદ્યાર્થીઓ દ્વારા જવાબવહી મેળવવા અરજી

અમદાવાદ, તા.૧૩

નાગરિકોના હથિયાર સમા માહિતી અધિકાર કાયદામાં સુપ્રિમ કોર્ટના ચુકાદા બાદ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને જવાબવહીની કોપી આપવાની જોગવાઈ થતાં વિદ્યાર્થીઓ તેનો પુરેપુરો ઉપયોગ કરી રહ્યા છે. તાજેતરમાં જાહેર થયેલા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ઓછુ પરિણામ જાહેર થતાં પરીક્ષામાં સારો દેખાવ કર્યા છતાં નાપાસ થયેલ વિદ્યાર્થીઓએ પોતાની જવાબવહીની કોપી મેળવવા મોટી સંખ્યામાં માહિતી અધિકારની અરજીઓ કરી છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું તાજેતરમાં જ પરિણામ જાહેર થયું જેમાં આશરે ૬૭ ટકા જેટલું પરિણામ આવ્યું. આ પરિણામની સીધી અસર વિદ્યાર્થીઓ પર પડી. એક-બે, બે કે તેથી વધુ વિષયોમાં સમગ્ર પરીક્ષામાં સારો દેખાવ કર્યો હોવા છતાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓએ પોતાની જવાબવહીની નકલ મેળવવા આરટીઆઈનો ઉપયોગ કર્યો છે. આરટીઆઈના કાયદામાં વિદ્યાર્થીઓને જવાબવહીની નકલ આપવાનો સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાથી વિદ્યાર્થી આલમને ખુબ ફાયદો થયો છે. જેમાં જે વિદ્યાર્થીને એવું લાગે કે પેપર સારૂં ગયું હોવા નાપાસ થયા હોય કે ઓછા માર્કસ આવ્યા હોય તો તેઓ આરટીઆઈની અરજી કર્યા બાદ પોતાની જવાબવહીની નકલ મેળવવા હક્કદાર છે. ઓછુ પરિણામ જાહેર થતાં અને ઘણાં વિદ્યાર્થીઓ એક-બે વિષયમાં નાપાસ થવાના કિસ્સામાં આરટીઆઈ કરવાની સંખ્યા આ વર્ષે વધી છે. ઘણીવાર આટી મોટી સંખ્યામાં પરીક્ષાનું મેનેજમેન્ટ સંભાળતી ગુજરાત હાઈ સેકેન્ડરી એજ્યુકેશન બોર્ડ સંસ્થાના સત્તાધિકારીઓ દ્વારા અમુક કિસ્સામાં છબરડા થતા હોય છે તેથી હવે વિદ્યાર્થીઓ પાસે હથિયાર સમા આરટીઆઈથી એક રાહત મળી છે.

કુલ ૨૧૯૭ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ મળશે

અમદાવાદ, તા.૧૩

રાજ્ય સરકારે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવાની યોજના અમલી બનાવી છે. અમદાવાદ જિલ્લામાં ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં ધોરણ-૧માં પ્રવેશ મેળવતી ૨૧૨૬ અને શહેરી વિસ્તારમાં ૭૧ સહિત કુલ ૨૧૯૭ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ એનાયત કરવામાં આવશે. અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકામાં ૩૫, સાણંદમાં ૫૧૪, વિરમગામમાં ૪૭૫, માંડલમાં ૧૪૭, દેત્રોજમાં ૭૭, બાવળામાં ૩૫૪, ધોળકામાં ૭૫, ધંધુકામાં ૮૩, રાણપુરમાં ૨૯૩ તેમજ બરવાળા તાલુકામાં ૭૩ સહિત કુલ ૨૧૨૬ અને શહેરી વિસ્તાર એવા સીટી તાલુકામાં ૫, વિરમગામમાં ૧૧, બાવળામાં ૧૦, ધોળકામાં ૨, ધંધુકામાં ૩૭, બરવાળામાં ૬ સહિત કુલ ૭૧ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ એનાયત કરવામાં આવશે.

ધો-૧૦ના પરિણામના પગલે ગાંધીનગરમાં ૫૦૦ કિલોથી વધુ પેંડાનું વેચાણ થયું

ગાંધીનગર, તા.૧૩

ધો-૧૦નું પરિણામ આજે જાહેર થતા મિઠાઈ-આઈસક્રીમની દુકાનો પર ભારે ભીડ જોવા મળી હતી. એક જ દિવસમાં ૫૦૦ કિલોથી વધુ પેંડાનું વેચાણ ગાંધીનગરની જુદી જુદી દુકાનોમાંથી થયું હતું. આઈસક્રીમનો ઉપાડ પણ વધુ રહ્યો હતો.

સમગ્ર રાજયમાં આજે ધો-૧૦નું પરિણામ જાહેર થયું હતું. ઉત્તીર્ણ થયેલ ધો-૧૦ના વિદ્યાર્થીઓમાં આનંદ છવાયો હતો. પોતાના બાળકની પરિણામની ખુશીમાં વાલીઓ પણ ઉત્સાહમાં આવી ગયા હતા. આથી આજે એક જ દિવસમાં શહેરમાં વિવિધ જગ્યાએ આવેલી મીઠાઈની દુકાનોમાંથી પેંડાની ખરીદીમાં અંદાજ